Good Bye 2021 Welcome 2022

હાશ..! આજે ૨૦૨૧નું વર્ષ પૂરું થશે...

Good Bye 2021 Welcome 2022

શહેરની દુઃખદ અને સુઃખદ ઘટનાઓ અને દુર્ઘટનાઓની યાદ તાજી કરતી ૨૦૨૧ની તવારીખ

વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવનમાં કાળો કેર વર્તાવનાર અને ફરી ક્યારેક પણ આવે નહીં એવા ભાવ જન્માવનાર વર્ષ ૨૦૨૧ આજે પૂરું થઈ રહ્યુ છે ત્યારે પરમ તત્વને પ્રાર્થના કરીએ કે પુનઃ ક્યારેય આવો કપરોકાળ વિશ્વના કોઈ પણ ખૂણે ન અનુભવવો પડે. ઓક્સિજન અને ઈન્જેકશન માટે ભટકવું પડે, સારવાર માટે આજીજી કરવી પડે અને સતત સામાજિક દૂરી રાખવી જ પડે એવો કઠોર સમય સ્મૃતિપટ પરથી ઝડપી વિસરાઈ જાય એવા મનોભાવ પ્રગટે છે. સૌના માટે ખૂબ જ માઠું વર્ષ રહ્યું. હજારો પરિવારોમાં સ્વજન ગુમાવ્યાનું દર્દ હજી છલકાય છે. કોઈકના ધંધા-રોજગાર ખોરવાયા છે, કેટલાની નોકરીઓ ગઈ છે, કેટલાના પગારો કપાયા છે... તો કેટલાય કુટુંબો વિખરાયા છે. આ વાત ભલે માર્ચ-એપ્રિલ-મેની હોય પણ એના ઓછાયા અને પડછાયા આખા વર્ષમાં રહ્યા છે અને હજુ તો અધુરું હોય એમ.... ? માંડ માંડ અર્થતંત્રની ગાડી પાટે ચઢી રહી છે બજારો ફરીથી ધમધમતા થયા છે અને શિક્ષણ અને સંસ્કારની પ્રવૃત્તિઓ ફરી જીવન બની રહી છે ત્યારે ઓમિક્રોનના નવા પરિવેશમાં કોરોનાએ વિશ્વભરમાં હાહાકાર મચાવ્યો છે. એપ્રિલ-મેની કળ તો હજી તો વળી નથી ત્યાં ડિસેમ્બરના અંતિમ ચરણમાં કોરોનાના વરવા સ્વરુપોની દહેશત દસે દિશાઓમાં વર્તાઈ રહી છે. કાળના ચક્રમાં હજુ તો શું-શું થશે અને કેવું કેવું થશે એ તો માત્ર સમય ઉપર જ છોડવું પડે... ૨૦૨૧ની વિદાય હોય કે ૨૦૨૨નો પ્રારંભ હોય... સમય તો સરખો જ દેખાય છે. ચર્ચાના વાદળો ચિંતાના બની ગયા છે. આજનો સૂર્યાસ્ત આવતીકાલનો સૂર્યોદય બનશે ત્યારે ભલે નવી આશા... નવી ચેતના... નવી ઉર્જા અને ઉમંગ લઈને આવે પણ એને વધાવવા હૈયામાં હામ આપવા સ્મરણપટ ઉપર સળવળાટ થાય છે. સરી પડેલી ક્ષણો આવી રહેલી ક્ષણોને એવો સંદેશ આપે છે હવે થોડી ખમ્મા કરજે. માનવ જાત ઘણું બધું શીખી ગઈ છે અને ઘણું બધું શીખી રહી છે. બસ એક જ ભાવ સતત પથરાયેલો રહ્યો છે કે કડવી મીઠી કરુણ યાદ સાથે વર્ષને વિદાય આપવી છે. ગાંધીનગરની પરિમિતિમાં વર્ષ ૨૦૨૧ના સારા-માઠાં પ્રસંગો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પો ઘટનાઓ અને દુર્ઘટનાઓ કે સુખદ અને દુઃખદ સ્મરણો અંતિમ દિવસે તાજા થાય છે તેની નાનકડી ઝલક પ્રસ્તુત છે.

અલવિદા-૨૦૨૧

જાન્યુઆરી

- શહેરમાં ૨૦૨૦માં ૧૩૫૨ લગ્નો નોંધાયા.
- શહેરમાં ઠંડી આકમક : પારો ૭.૫ ડિગ્રી ગગડ્યો.

- પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનું દુઃખન અવસાન

- કિસાન સંઘના સુપ્રિમો જીવણ દાદા અક્ષર નિવાસી થયા.
- ગાંધીનગરમાં વેક્સિનનો પ્રથમ જથ્થો પહોંચ્યો.

- શહેરમાં ઉત્તરાયણ પર્વે ૧૧૩ પક્ષીઓ દોરીથી ઘાયલ

- ગુડા વિસ્તારમાં ૩૨૩ કરોડના કામોનું ખાતમુર્હુત
- શહેરના અગ્રણી બિલ્ડર હસમુખભાઈ પટેલનું નિધન
- મનપાના કાઉન્સિલર ધીરુભાઈ ડોડિયાનું દુઃખદ અવસાન

ફેબ્રુઆરી

- મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી કોરોના પોઝિટિવ
- સહકારી ક્ષેત્ર અને રાજકીય આગેવાન રામચંદ્રભાઈ પટેલનું દુઃખદ અવસાન
- શહેરમાં બર્ડ ફ્લુની દહેશત

માર્ચ

- ગાંધીનગર જિલ્લામાં વિક્રમી ૭૨ ટકા મતદાન

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ભગવો

- વાસણિયા મહાદેવમાં સાડા ત્રણ કિલો વજન ધરાવતા કલાત્મક છત્રની ભેટ
- જિલ્લા પંચાયતના જંગમાં ભાજપે કોંગ્રેસ કરતાં ૩૦ હજાર વધુ મત મેળવ્યા
- જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે દિલીપ પટેલ
- મહાનગરના મહાજંગનું એલાન
- શહેરના સામાજિક અગ્રણી મણિભાઈ ચૌધરીનું નિધન
- જિલ્લામાં બે વર્ષમાં માર્ગ અકસ્માતની ૧૧૨૫ દુર્ઘટના
- શહેરમાં કોરોનાનો હાહાકાર

એપ્રિલ

- ગાંધીનગર કોવિડ હોસ્પિટલમાં વેન્ટીલેટર હાઉસફુલ
- ગાંધીનગરમાં મોતનું તાંડવ : ૨૨ના અંતિમ સંસ્કાર
- કોરાના દર્દીઓ માટે સીવીલના દરવાજા બંધ

- ગૃહ વિભાગના સેક્શન અધિકારી અતુલ વખારીયાનું કોરોનાથી નિધન

- અંતિમ સંસ્કાર વધવાના લીધે સ્મશાનની ચીમનીમાં તિરાડ
- લોકડાઉનની ભીતિએ શ્રમિકોનું પલાયન : ઝુંપડપટ્ટીઓ સુમસામ બની

મે

- પાટીદાર સમાજના અગ્રણી ભોળાભાઈ પટેલનું દુઃખદ અવસાન
- વાવોલના પીઢ અગ્રણી અને પૂર્વ સરપંચ કુબેરસિંહ ગોલનું નિધન
- લાયોનેસ ક્લબના પૂર્વ પ્રમુખ પ્રિયાબેન માનિકનું કોરોનાથી નિધન
- ગાંધીનગર એકેડીટેશન પ્રેસ ક્લબના પ્રમુખ અનિરુદ્ધસિંહ ઝાલાનું કોરોનાથી નિધન
- શહેરના જાણીતા યુવા ફોટોગ્રાફર હીરેન રાવલનું કોરોનાથી નિધન
- ગાંધીનગર જૈન સમાજના અગ્રણી મધુસૂદન વોરા કોરોના સામે જંગ હારી ગયા
- ગાંધીનગરના પાટીદાર અગ્રણી જે.સી. પટેલનું દુઃખદ અવસાન
- નિવૃત્ત સનદી અધિકારી જે.ટી. અખાણીનું દુઃખદ અવસાન
- શહેરમાં 'તાઉતે' ના પગલે તોફાની પવન અને વરસાદ

- ગાંધીનગરના અગ્રણી અને નાગરિક બેંકના ડિરેક્ટર નરેન્દ્ર શાહનું કોરોનાથી નિધન
- સેન્ટ ઝેવિયર્સના પ્રિન્સિપાલ ફાધર એન્થોની કુઝનું કોરોનાથી નિધન
- જાણીતા બિલ્ડર શિવાલય ગ્રુપના એસ.આર. પટેલનું નિધન
- શહેરના અંતિમધામ ખાતે એપ્રિલ-મે માસમાં ૧૯૨૦ મૃતકોના અગ્નિ સંસ્કાર

જુન

- ગાંધીનગર ઝેવિયર્સ એન્ડ કાર્મેલ સ્કૂલનો પૂર્વ વિદ્યાર્થી ભદ્રાયુ બક્ષી બન્યો વોઈસ ઓફ ગુજરાત
- શહેરમાં સરકારી બિન સરકારી કચેરીઓ પુનઃ ધમધમતી થઈ

- શહેરમાં મેઘરાજાની પધરામણી

- વેક્સિનેશનમાં ઉત્સાહનો માહોલ

જુલાઈ

- ભગવાન નગરચર્યાએ નીકળ્યા પરંતુ ભક્તોને દર્શન ન થયા

- ગાંધીનગરનું નવું નજરાણું રિ-ડેવલપ કેપિટલ રેલવે સ્ટેશન

- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં શહેરના ૧૪૮ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ

ઓગસ્ટ

- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં જિલ્લાના ૮ને એ-વન ગ્રેડ
- ગાંધીનગરનો ૫૭મો જન્મદિવસ
- શહેરના શિવાલયોમાં ગૂંજ્યો હર હર મહાદેવનો નાદ

- શહેરમાં દરેક ઘરમાંથી સૂકો-ભીનો કચરો અલગ કરીને આપવાનું ફરજિયાત થયું
- ગાંધીનગર શહેરની દીકરી પારૂલ પરમારનો વડાપ્રધાને ઉત્સાહ વધાર્યો
- ગાંધીનગરમાં ત્રણ મહિમામાં રુપિયા ૧૧૩૫ કરોડના પ્રોજેક્ટ લોંચ થયા

- ગુજકેટનું પરિણામ જાહેર
- શહેરના બે સિનિયર વકીલો ગુજરાત લીગલ સેલની પ્રદેશ કારોબારીમાં નિમાયા
- શહેરમાં મેળા વિના મોળી જન્માષ્ટમી ઉજવાઈ

સપ્ટેમ્બર

- શહેરમાં સંવત્સરીની શ્રદ્ધાપૂર્વક ઉજવણી
- મુખ્યમંત્રી પદેથી વિજયભાઈ રૂપાણીનું રાજીનામું

- ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ.
- રાજભવન ખાતે ભૂપેન્દ્ર પટેલનો રાજ્યાભિષેક

- જૂના સચિવાલયમાં વિજળી પડતા કર્મચારીનું મોત
- સરગાસણ સામ્રાજ્ય ફાર્મના માલિક પ્રવિણ માળિયાની ગોળી મારી હત્યા

- જિલ્લાના ૨૬૦ ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની કામગીરી ૧૦૦ ટકા સંપન્ન
- શહેરમાં ચૂંટણીનો ધમધમાટ

ઓક્ટોબર

- મહાનગરના મહાજંગમાં ૫૬ ટકા મતદાન
- ગાંધીનગરમાં ભાજપનું વિજયી વાવાઝોડું
- પ્રથમ નવરાત્રિએ શેરી ગરબામાં જમાવટ
- પેથાપુરમાં તરછોડાયેલ બાળકનો પિતા પકડાયો
- જિલ્લામાં ૨૯ ટકા વરસાદની ઘટ સાથે ચોમાસાની વિધિવત વિદાય
- શહેરમાં શેરી ગરબા જામ્યા

- મહા અષ્ટમીની મહાઆરતીથી સેક્ટરોમાં દિવ્ય ઉજાસ પથરાયો
- વરદાયિની માતાના પલ્લીના રથથી રૂપાલ ગામ તેજોમય બન્યું

- મહાનગરના પાંચમા મેયર પદે હિતેષ મકવાણા
- આયુર્વેદ તજ્ઞ ડો. જશવંતસિંહ રાઠોડનું દેહાવસાન
- ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું
- મનપામાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે અંકિત બારોટ નિમાયા

નવેમ્બર

- સેક્ટર-૬માં ૫૬૦ આવાસોનું લોકાર્પણ

- ગાંધીનગરમાં ૧૨૧ વર્ષની વયે શ્રમિક મહિલા મંગુબેનનું નિધન
- શહેરમાં એક વર્ષમાં ૧૧૧ માર્ગ અકસ્માતમાં ૨૫ લોકોએ જીવ ગુમાવ્યા
- ગાંધીનગર દેશની સ્વચ્છ રાજધાની

ડિસેમ્બર

- દુષ્કર્મ હત્યા કેસના આરોપી વિજય ઠાકોરને અંતિમ શ્વાસ સુધી જેલ
- કેનેડાથી મામાના લગ્નમાં આવેલા ભાણેજનું કાર નીચે ચગડાઈ જતા મૃત્યુ
- શહેરના જાણીતા સહકારી અગ્રણી ઘનશ્યામ પટેલનું દુઃખદ નિધન
- જિલ્લાની ૧૫૬ પંચાયતોમાં ૭૦ ટકા મતદાન

- મનપાની પ્રથમ સામાન્ય સભામાં હોબાળો

- શહેરમાં વિક્રમી ઠંડી : પારો ૬.૫ ડિગ્રી....!!
- પંચાયતોમાં યુવાઓએ મેદાન માર્યું
- શતાબ્દી એક્સપ્રેસનું કેપિટલ રેલવે સ્ટેશન પર ભવ્ય સ્વાગત